# ડૉ. આંબેડકર અને સમાજ કલ્યાણ

# (દલિતો-શ્રમજીવીઓનાં ઉત્થાન અને શિક્ષણ પ્રસાર માટેના પ્રયત્નો)

પ્રા. મિતલ એમ. દેસાઈ

જીવનમાં કયારે કયારક એવાં કામો બહુ સહજતાથી થઈ જતાં હોય છે કે જેના વિચાર વીતેલાં વર્ષોનાં વહાણા વાયા પછી કરીએ છીએ ત્યારે એ આકાશકુસુમવત્ લાગે છે, ને થાય છે કે 'આ કામનું આપણું ગજું નહીં એ તો કોઈ કાળબળે જ આપની પાસે કરાવ્યું' આવુ જ કંઈક બની ગયું, સામાજિક ક્રાંતિના ડૉ. બાબાસાહેબ આંબેડકર અને સમાજ કલ્યાણ (દલિતો-શ્રમજીવીઓનાં ઉત્થાન અને શિક્ષણ પ્રસાર માટેના પ્રયત્નો) અંગેનું આ પેપર રજૂ કરતાં સૌ પ્રથમ ડૉ.બાબાસાહેબ આંબેડકરનાં સામાન્ય પરિચયની વાત **કરીએ તો એમનાં જીવન, મૃત્યુ, માતા-પિતા, સાંસારિક જીવન, ભણતર વગેરે જેવી બાબતથી તો સૌ કોઈ પરિચિત જ હોય. પરંતુ એ ઉપરાંત એમના** વિશે કહેવું હોય તો, ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર વર્તમાન યુગના મહામાનવ હતાં. નવભારતના નવ નિર્માણમાં તેઓ પાયાની ઈંટ હતા. સામાજિક, આર્થિક રીતે શોષિત, વંચિત કરોડો નરનારીઓને આત્મવિલેશ્ણની પ્રેરણા પ્રદાન કરી, તેમના અધિકારો માટે એકસૂત્રે બંધાઈ જવા આહ્વાન કર્યુ હતું. ભારતનું બંધારણ રચીને તેમણે સામાજિક ન્યાય, સ્વતંત્રતા, અખંડિતતા, બંધુત્વ અને દેશના નિર્માણની કેડી કંડારી હતી.

રાજકીય સ્વાતંત્ર્ય હાંસલ કર્યા બાદ હવે ભારતને એક સામાજિક અને આર્થિક લોકતંત્રના માળખામાં ઢાળવાનું ધ્યેય આપણી સમક્ષ હતું અને એ માટે જરૂરી સંદેશ ડૉ. બાબાસાહેબ આંબેડકર સિવાય અન્ય કયા રાજકીય નેતાના જીવનમાંથી મળી શકે તેમ છે ? વિદ્વતા ઉપરાંત કષ્ટ તથા સંઘર્ષથી ભરપૂર એવું તેમનું જીવન મુખ્યતઃ તો ભારતના છ કરોડ લોકો તેમની યુગો જૂની દાસ્તામાંથી મુકત કરવાના ધ્યેયને સમર્પિત થયું હતું. તેમના એ જીવને એ દલિત લોકોના જીવનમાં નવો યુગ પ્રગટાવ્યો હતો અને સાથે સાથે ભારતમાં સામાજિક અને આર્થિક લોકશાહીના પ્રવેશ અને નિમાર્ણ બાબતમાં પણ તેમનો ફાળો ઓછો આંકી શકાય તેમ નથી.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનનું યથાતતા ચિત્રણ રજૂ કરવાનો પ્રયત્ન નથી કરતી પરંતુ ભારતના પદદલિત માનવોની મુકિત માટેના સંઘર્ષમાં આંબેડકરે નિર્ણાયક ભાગ ભજવ્યો છે. આથી ભારતે તેમના જીવન ચરિત્ર અને ઉદ્દેશ્ય વિશે ઊંડી સમજણ કેળવવી જરૂરી છે, તેમનાં વિદ્વેષીઓએ એમના માટે જે કંઈ વિકૃત કલ્પનાઓ ઉભી કરી હોય, અથવા તો તેમના અનુયાયીઆએ –ભકતોએ જે તેમનામાં દેવત્વનું આરોપણ કર્યુ હોય તે બન્નેને બાજુ પર મૂકીને આ મહાપુરુષને સાચી રીતે

જાણવા જોઈએ. આ દેશમાં વસતા એક માનવસમૂહને અપમાનિત કરતા જરીપુરાણા ખ્યાલો અને ધોરણોનો સામનો કડવાશ અને ધિક્કારની લાગણીઓ સાથે કરવાની કામગીરી આંબેડકરને ભાગે આવી હતી. આંબેડકરને તેમની આ કામગીરી દરમ્યાન અનેક સમકાલીન મહાપુરુષો સાથે સંઘર્ષમાં ઊતરવું પડ્યું હતું.

એક અન્ય દ્રષ્ટિકોણથી પણ આંબેડકરનું જીવનચરિત્ર મહત્ત્વપૂર્ણ બની જાય છે. વિચાર પ્રેરક હોવા ઉપરાંત વિચારોને ચાલવા પૂરી પાડે તેવું તેમનું જીવનચરિત્ર માનવતાના ગૌરવનું મહત્વ સમજી લઈને સમાજમાંના માનવ સંબંધોમાં સમાનતા ઊભી કરવાની મહેચ્છા સેવતી દરેક વ્યકિત માટે ઉચ્ચ પ્રકારના શિક્ષણ સમાન બને તેવું છે. એ ઉપરાંત, કોઈપણ મનુષ્ય મક્કમ નિશ્ચય, અડગ ધૈર્ય અને સંપૂર્ણ સ્વાર્થત્યાગના ગુણો વડે અત્યંત વિપરીત અને હતાશા પ્રેરક સંયોગો વચ્ચે પણ શું શું સિધ્ધ કરી શકે છે તેનું જવલંત ઉદાહરણ આંબેડકરના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે. એમના જીવનમાંથી મળતો એક અન્ય બોધપાઠ એ છે કે કોઈપણ મનુષ્યે જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે અન્ય કોઈની સહાય કે શુભેચ્છા પર આધાર રાખ્યા સિવાય તના પોતાના જ કર્તૃત્વ પર આધાર રાખવો જોઈએ.

આંબેડકરની અવિરત જ્ઞાન-ખોજ, તેમની અવિચલ ધ્યેય-નિષ્ઠા અને અમાપ ઉદ્યમ કે જેના વડે તેઓ રસ્તાની ધૂળમાંથી ઊંચે ઊઠીને આકાશે આંબતા સિતારા બની શક્યા હતા તથા સમાજના એક અછુતમાંથી દેશના બંધારણના ઘડવૈયાના ઉચ્ચ પદે પહોંચી શક્યા હતા અને પદદલિતોને માનવતાનું ગૌરવ પ્રાપ્ત કરાવવા માટેનો તેમનો ભવ્ય સંઘર્ષ-આ બધી વાતો ફક્ત આ દેશના જ ઈતિહાસમાં નહિ પણ માનવ સ્વાતંત્ર્યના સમગ્ર ઈતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખવા યોગ્ય વાતો છે.

માનનીય ગૌરવને અને માનવઅધિકારોને અખંડિત રાખવા ડૉ.આંબેડકર જીવનભર ઝઝુમ્યા અને શોષણ તથા અન્યાય સામે પ્રતિકારનું ખમીર પ્રગટાવ્યું. તેઓ સામાજિક નવજાગરણના અગ્રદૂત હતા. તેમણે તેમનું સમગ્રજીવન સદીઓથી દલિત શોષિત માનવીઓનાં આર્થિક, સામાજિક તેમજ શૈક્ષણિક ઉત્થાન માટે સમર્પિત કર્યુ હતું. સમાજમાં પ્રવર્તતિ રૂઢિગત માન્યતાઓ અને વિષમતાઓને સમૂળી નષ્ટ કરવા તેમજ સામાજિક ન્યાય અને દલિતોનાં અધિકારોને સુનિશ્ચિત કરવા તેમણે આજીવન સંઘર્ષ કર્યો હતો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર દિલતો-શ્રમજીવીઓનાં ઉત્થાન માટે તો પ્રયત્નો કર્યા જ છે પણ સાથે તેમનામાં શિક્ષણનો પ્રસાર કરવા માટે પણ તેઓએ ખૂબ જ સંઘર્ષ કરવો પડયો હતા. પોતાનાં લોકો માટે બંધારણ અને કાયદો ઘડવાના અધિકારો મેળવી આપવાના કાર્યમાં આંબેડકરના પ્રયત્નોનો, બુદ્ધિનો અને ઉત્સાહનો મોટો ભાગ ખર્ચાતો હતો. તો પણ એ લોકો શિક્ષણમાં પછાત હોવાથી શિક્ષણ જ એમને માટે મહત્વની જરૂરિયાત છે અને શિક્ષણ તેમની ભાવિ પ્રગતિનું મહત્વનું સાધન છે એ વાત તેઓ સમજતા હતા. એથી પોતાના લોકોમાં શિક્ષણનો પ્રસાર કરવા માટે તમણે તમામ ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કર્યો. ૧૯૨૮ ના જૂનમાં તેમણે બે છાત્રલયો શરૂ કર્યા.

બહિષ્કૃત વર્ગોમાં શિક્ષણનો પ્રસાર કરવા માટે 'ભારતીય બહિષ્કૃત સમાજ શિક્ષણ પ્રસારક મંડળ' નામની સંસ્થા સ્થાપવાનું નકકી કય. ત્યારબાદ દલિતોને શાળાના શિક્ષણનું મજબુત પાયા પર માળખુ ઊભું કરવાની દ્રષ્ટિએ 'ભારતીય બહિષ્કૃત શિક્ષણ પ્રસારક મંડળ' ની સ્થાપના કરી. અશ્પૃશ્ય સમાજના લોકો પોતાના બાળકોના માઘ્યમિક શિક્ષણ માટે થનારો ખર્ચ વેઠી શકે એટલા શકિતશાળી ન હતા. આથી તેમના બાળકો માટે એવી સગવડ ઊભી કરવા સારુ દલિતવર્ગ શિક્ષણ સંસ્થાએ છાત્રાલયો સ્થાપવાનું કાર્ય હાથ ધર્યુ. આ કાર્યમાં સહાય કરવા માટે આંબેડકરે સરકારને અંતઃકરણપૂર્વક આવાહન કર્યુ. અન સરકારે પણ માઘ્યમિક શિક્ષણ લેનાર માત્ર અશ્પૃશ્ય વર્ગના બાળકોના ઉપયોગ માટે ચાંચ છાત્રલયોની યોજનાને પોતે માન્યતા આપશે એવી રાજયપાલ દ્વારા જાહેરાત કરાવી.

આંબેડકરે સ્થાપેલી આ શિક્ષણ સંસ્થાને ઈ.સ.૧૮૬૧ના ચેરિબલ સોસાઈટીઝ રજિસ્ટ્રેશન એકટ અન્વયે માન્યતા મળી હતી. આ સંસ્થાની તમામ વ્યવસ્થા એક ટ્રસ્ટી મંડળ સંભાળતું હતું. આ મંડળના સદસ્યો પૈકી આંબેડકર પણ એક હતા. ૧૯ સભ્યાનું એક માર્ગદર્શન મંડળ પણ હતું. તેમાં આંબેડકર પોતે પ્રમુખ કાર્યવાહક તરીકે કામ કરતા હતા. આ બધા સદસ્યો કર્તવ્યનિષ્ઠ હતા અને પોતાના નેતાની કલ્પનાશકિત અને ઉત્સાહથી પ્રભાવિત હતા. તેમની કર્તવ્યનિષ્ઠા અને તેમના પ્રયત્નો જોઈ સ્વભાવિક રીતે જ સરકારના મનમાં તેમના માટ વિશ્વાસ પેદા થયો. તેથી પાંચ સૂચિત છાત્રાલયોની વ્યવસ્થા જોવાનું કાર્ય સરકારે આંબેડકરે સ્થાપેલી આ શિક્ષણ સંસ્થાને સોપ્યું. સરકાર તરફથી મળતું વાર્ષિક નવ હજાર રૂપિયાનું અનુદાન આ છાત્રાલયોનાં ખર્ચને પહોંચી વળવા માટે ખૂબ જ અપૂરતું હતું. તેથી આંબેડકરને અલગ-અલગ જગ્યાએથી ફાળો એકત્રિત કરવો પડતો હતો. તેઓ સમાજના ધનિક લોકોને મળતા. સ્થાનિક સંપન્ન સંસ્થા પાસે તેઓ આર્થિક સહાય માટે યાચના કરતાં. કેટલાક ઉદાર ગૃહસ્થો સમક્ષ પ્રાર્થના પણ કરતાં. આથી કેટલીક જિલ્લા પંચાયતો અને નગરપાલિકાના અઘ્યક્ષોએ અશ્પૃશ્ય વર્ગના વિદ્યાર્થીઓને ફીમા છૂટ આપી. છાત્રાલયો બાંધવા માટે વિના મૂલ્યે જગ્યા આપી. આ અને આવા અન્ય માર્ગોથી આ સત્કાર્યને સક્રિય સહાનુભૂતિ પ્રાપ્ત થઈ.

સંસ્થાએ એકત્ર કરેલા ભંડોળમાંથી વિદ્યાર્થીઓના ભોજનની તેમજ રહેવાની વ્યવસ્થા તો કરી જ, પણ તે સિવાય તે વિદ્યાર્થીઓની અન્ય જરૂરિયાતો પૂરી પાડવાની પણ વ્યવસ્થા કરી. સ્પૃશ્ય હિંદુઓની સંસ્થાઓ આ સંસ્થાના કાર્ય પ્રત્યે ઉદાસીન હતી. તેથી આંબેડકરને મુસ્લમાનો પાસે, પારસી ધર્માદા સંસ્થાઓ પાસે પણ આર્થિક સહાય માટે પૂછપરછ કરી જવ પડતું હતું. કેટલીક વાર જિલ્લાની સ્થાનિક સંસ્થાઓ અને મુખ્ય વ્યકિતઓને તઓ વ્યકિતગત વિનંતી કરતા. વિનંતીસત્ર અખંડપણે ચાલતું. આંબેડકર જણાવે છે કે સુધારણા કરવાના અતિ ઉત્સાહથી નેતાઓ અંતર્મુખબની બૌદ્ધિક, માનસિક અને ઔદ્યોગિક એવા વિવિધ શિક્ષણનો પ્રચાર કરે છે.

'ટેસ્કેજી' સંસ્થાના સ્થાપક અને નિગ્રો નેતા બુકર ટી. વોશિંગ્ટને નિગ્રો લોકોના મતદાન અધિકાર કરતાં પણ વધુ ભાર શિક્ષણ અને આર્થિક ઉન્નતિ પર મૂકયો હતો. વોશિંટન્ગટને અન્ય જ્ઞાતિઓનું ઔદાર્ય, સહાનુભૂતિ અને સક્રિય સહાયનો પાતાના કાર્યનામાં માટે પૂરેપુરા ઉપયોગ કર્યો હતો. ભારતનાં અશ્પૃશ્યોની જેમ જ નિગ્રો લોકો માટે પણ પક્ષપાત થતો હતો. આથી એમ કહી શકાય કે તેમની સમસ્યા અહીંના અશ્પૃશ્યો જેવી જ કઠણ હતી.

પરંતુ આંબેડકર અને વોશિંગ્ટનને નિગ્રો લોકોના શિક્ષણ અને આર્થિક ઉન્નતિ પર ભાર મૂકયો. જયારે હિન્દુસ્તાનમાં આંબેડકર પોતાના રાજકીય ક્ષેત્રે ઉદયમાન થતાં નેતૃત્વને લીધે થોડોક સમય શિક્ષણ કાર્યથી વિચલિત થયા હતા.

બીજી બાજુ જોઈએ તો ભારતમાં પ્રવર્તતી પરિસ્થિતિ વિશે આંબેડકરે પોતાના મનમાં કેટલાક અંદાજો બાંધ્યા હતા. સરકારી નોકરીમાં અને સેનામાં કનિષ્ઠ શ્રેણીની કેટલાક જગ્યાઓની દલિત વર્ગ માટે માંગણી આંબેડકરે કરી હતી. પરતું તે જગ્યાઓ દલિતવગના જીવનધોરણને ઉન્નત કરવામાં અસમર્થ હતી. જેટલું વધારે શિક્ષણ તેટલી પ્રગતિ પણ વધારે અને પોતાના લાકોને એટલા જ પ્રમાણ તક આપવાનું સુલભ થાય એ આંબેડકર જાણતા હતા. પોતાના લોકોને રાજકીય દ્રષ્ટિએ સમાનતા સમતા અને રાજકીય ક્ષેત્રમાં સામર્થ્ય પ્રાપ્ત થાય તો તેમના શિક્ષણનો પ્રશ્ન આપોઆપ સરકારી ખાતા દ્વારા ઉકેલાશે એવ તેઓ માનતા હતા. તેથી તેઓ પોતાના સમય અને બુદ્ધિનો ઉપયોગ અશ્પૃશ્યોની શૈક્ષણિક પ્રગતિ માટે અન તેમને રાજકીય અધિકારો મેળવી આપવા માટે ખર્ચ કરતા હતા.

આમ છતાં શિક્ષણનાં પ્રશ્નોમાં તેમને જો કોઈ મુખ્ય અડચણ નડતી હતી તે એ કે, દલિત વર્ગના બાળકોને શાળામાં પ્રવેશ આપવા માટે જે સરકારી આદેશ આવતા તેને શાળાના સંચાલકો અવગણતા અને એક યા બીજા કારણે તેમના પ્રવેશને ઈન્કારતા. આ પ્રશ્ન હલ કરવા માટે આંબેડકરને ઝઝૂમવું પડયું. આંબેડકરની સાથે કર્મવીર એવા શ્રી વિઠ્ઠલ રામજી શિદેં અને વીર સરકાર આ બન્ને નેતાઓએ મહારાષ્ટ્રમાંના દલિત વર્ગોનાં બાળકોને શાળામાં ઈતર હિન્દુ બાળકો સાથે બેસવાના અધિકાર મેળવી આપવા માટે અત્યંત કષ્ટ સહન કર્યુ હતું. અને એમને સારી એવી સારી સફળતા મળી હતી.

આંબેડકર પોતે પણ કાયદાશાસ્ત્રનાં પ્રધ્યાપક હતાં. કાયદાશાસ્ત્રનાં પ્રાધ્યાપક એવા એમણે વિદ્યાર્થીઓ તેમના જ્ઞાનથી પ્રભાવિત થયા હતાં. પોતાની વિદ્વતાની કાયમી છાપ ઊભી કરી. વિદ્યાર્થીઓ તેમના જ્ઞાનથી પ્રભાવિત થયા હતાં. પોતાની વિદ્વતા, જ્ઞાનનું ઊંડાણ અને પ્રગલ્લતાના ગુણાને લીધે તેઓ પોતાના વિદ્યાર્થીઓને બંધારણીય કાયદો કુશળતાથી વિચાર પ્રવર્તક રીતે શીખવતા. ઈ.સ. ૧૯૨૯માં એક પરિષદમાં તેમણે સવર્ણ હિન્દુઓએ પોતાનો દ્રષ્ટિકોણ અધિક વિશાળ કરવો જોઈએ એવી ભાવભીની વિનંતી પણ કરી અને સાથે-સાથે પોતાના અધ્યક્ષીય ભાષણમાં દલિતોને સંબોધતા તેમણે કહયું-'તમે તમારી ગુલામખોરી નષ્ટ કરો, સ્વાભિમાન વિના જીવવું એ નામર્દાઈ છે. ત્રાસ થશે, છળ થશે પણ એ સહન કરો. જેમ પથ્થરમાંથી મૂર્તિ બનતાં સુધી

પથ્થરોને તો શિલ્પકારોના ઘા સહન કરવા પડે છે, પરંતુ આખરે એ પથ્થરમાંથી મૂર્તિ બન્યા પછી દેવત્ય પામીન પૂજાય છે, એવી રીતે સમાજનું જયારે ઘડતર થતું હોય ત્યારે આવા ઘા સહન કરવા જોઈએ.'

ત્યારબાદ તેમણ કોંકણમાં પણ જમન સંબંધમાં જે પધ્ધતિને લીધે અશ્પૃશ્યોનું શોષણ થતું હતું. તેનો ઉલ્લેખ કરી તેને નાબુદ કરવા માટે જે શ્રમ થશે, મહેનત પડશે તે લઈશું એવું આશ્વાસન આપ્યું હતું. આ પધ્ધતિની નાબૂદી માટે પોત કપરામાં કપરી પરિસ્થિતિમાંથી પસાર થવા તૈયાર છે એવું કહી તેમણે આગળ કહયું કે, 'જો તમે કોંકણમાં દલિતોની જાગૃતિ માટે આવશો તો તેમને ગોળીથી ઉડાવી દઈશું. એવા ધમકીપત્રો મારા પર આવે છે. મનુષ્ય મરણાધીન છ પરંતુ પોતાના સ્વાભિમાન ખાતર અને મનુષ્યજાતિ માટે સારા દિવસો આવે તે ખાતર પોતાનો દેહ અપર્ણ કરવામાં જ સાચી વીરતા છે આપણે પતીત નથી, પણ સાચા ક્ષત્રિયો છે. એ સ્વાભિમાન અને દેશાભિમાન વિના જીવન જીવવું અના જેવી બીજી કોઈ નિંદનીય વાત નથી.
આંબેડકર મીલ કામદાર યુનિયને શરૂ કરેલી કાપડ મીલોની હડતાળની વિરૂધ્ધમાં પણ ચળવળ ચલાવી હતી. તેઓ સંપર્ણપણે એવું માનતા હતા કે હડતાળ પર જવાનો કામદારોનો અધિકાર છે. આમ છતાં હડતાળનું હથિયાર કાળજીપુર્વક અને કવચિત જ વાપરવું અને તે પણ કામદારોના લાભ માટે જ. કોમ્યુનિસ્ટ નેતાઓના રાજકીય લાભ માટે તેનો ઉપયોગ થવો જાઈએ નહી. મિલોમાં પણ વિશેષ લાભ દલિત વર્ગના કામદારો પર અશ્પ્રશ્યતાને લીધે પ્રતિબંધ હતો. અને આંબેડકર આ હડતાળનાં સમર્થક નહોતા એનું બીજુ કારણ એ હતું કે પાછલા વર્ષમાં થયેલી હડતાળથી દલિત વર્ગના કામદારોની આર્થિક સ્થિતિ એટલી બધી બગડી હતી કે પઠાણો પાસેથી લીધેલા કરજને લીધે તેઓનું ગળુ વધુને વધુ ભીંસાતું ગયું હતું. અને તેથી તેમણે કહયુ કે- 'પોતાની પરિસ્થિતિ સુધારવાના ઉદ્દેશ્યથી હડતાળનો આશ્રય લેવો એ ભલે બરાબર હોય તો પણ જેની આર્થિક સ્થિતિમાં ફેરફાર લાવવો છે, તેમની આર્થિક સ્થિતિ વધુ ન બગડે એવી રીતે રોગનું નિવારણ કરવું જોઈએ.'

હડતાળ વિશે વિવાદ ચાલુ હતો ત્યારે આંબેડકરે નાસિક જિલ્લામાં ચિતગાંવ મુકામે ભરાયેલી એક વિરાટ પરિષદમા ભાષણ આપતાં કહયું તેમાં તેમના શિક્ષણ વિશેનો જુદો અભિપ્રાય પણ આપણે જોઈ શકીએ છીએ. તેમણે કહયું કે-'મનુષ્યનું સ્વાભિમાન ટકાવી રાખનાર શિક્ષણ એ એકમાત્ર બાબત નથી શિક્ષણ લેવાથી જો માણસાઈ આવતી હોય તો સુશિક્ષિતા અને અધિકારીઓ તરફથી અમારા પર અન્યાય થયો ન હતો. માનવતા માટે ઉગ્ર લડત આપો. પોતાનું ધ્યેય હાંસલ કરવાના માર્ગમાં આવતા અવરોધો પોતે જ દૂર કરી તમારા પરનું કલંક તમે પોતે જ ધોઈ નાંખો.'

સવર્ણ હિન્દુઓના પથ્થર હ્રદયને પીગાળવવા અન લોકમત કેળવવા તેમણે જળગાંવમાં ધર્માતરની મર્યાદિત ઘોષણા કરી અને મુદત આપી. નિશ્ચિત મુદત પૂરી થતાં, તે દિવસે જળગાંવનાં ૧૨ અશ્પૃશ્યોએ ખરેખર ઈસ્લામ ધર્મ અંગિકાર કર્યો. ત્યારપછી સમાજના સુધારકોની આંખા ઉઘડી, તેઓ ભયભીત બન્ય અને તરત જ અશ્પૃશ્યો માટે તેમણે ભાવવિભોર બની બે કુવાઓ ખુલ્લા મુકયા. આંબેડકર માનતા કે હિન્દુ સમાજને જો ન્યાય સમતા અને માનવતાની પરવા કરવી હોય તો તેમણે આ વાતને

આટલી હદ સુધી પહોંચવા દીધી ન હોત. મુસલમાન અને ખ્રિસ્તીધર્મનો ઉપકાર માનવો જોઈએ. આ ધર્મો હિન્દુસ્તાનમાં ન હતો તો અશ્પ્રૃશ્યોની કેવી સ્થિતિ થઈ હોત, એમને કેટલો ત્રાસ સહન કરવો પડયો હોત એની કલ્પના પણ કરી શકાય નહી. આંબેકડરની દલિતોના ઉત્થાન માટેની વેગવાન બનેલી આ ચળવળને કારણે હવે અશ્યૃશ્યો મૃત જનાવરોનાં મડદાં ખેચીન લઈ જવાનો પણ સ્પષ્ટ ઈન્કાર કરવા લાગ્યા અને એ અરસામાં જ તેઓએ જનોઈ પહેરેલી પછી તો પૂછવાનું જ શું ?

મુંબઈ સરકારે, મુંબઈ પ્રાંતના અશ્પૃશ્ય અને આદિવાસી જાતિઓની શૈક્ષણિક, આર્થિક અને સામાજિક સ્થિતિની તપાસ કરી તે શિશે સુધારણા કરવા કયા કયા ઉપાયો કરવા જોઈએ તે માટે એક સ્ટાર્સ કમિટીની નિમણુંક કરી હતી. તેના સભાસદોમાં આંબેડકર પણ એક હતા. અને તેઓ આ કામમાં ખૂબ જ મશ્ગુલ હતાં. સમિતિનાં સદસ્ય તરીકે તેમણે બેલગાંવ, ખાનદેશ તથા નાસિક જિલ્લાનાં ગામોની મુલાકાત લીધી હતી. આ મુલાકાતોમાં આંબેડકરને ઘણી જગ્યાએ અપમાનજનક વર્તણકનો સામનો કરવો પડયો હતો. તેમાં એકવાર ખાનદેશનો પ્રવાસ ખેડતી વખતે ચાળીસગાંવનાં અશ્પૃશ્યોએ તેમનું ઉત્સાહભર સ્વાગત કર્યુ અને ઈચ્છારાખી કે આંબેડકર તેમના વાસની મુલાકાત લે પરંતુ તે ગામમાં બધાં જ ટાગાવાળાએ અશ્પૃશ્યોનાં નેતાને ટાંગામાં લઈ જવાનો ઈન્કાર કર્યો. આખરે સમાધી પથારીવશ રહેવું પડયું.

આંબેડકર સ્ટાર્ચ સમિતિને ૧૯૩૦ના માર્ચ મહિનામાં પોતાના અહેવાલ સુપરત કર્યો. તેમાં તેમણે કહયું કે, અશ્પૃશ્ય જનતા હિન્દુઓના ધર્મકૃત્યો, નિયમો, વ્રતો પાળે છે અને માને છે તો તેમનો બહિષ્કૃત સ્થિતિમાં દૂર અને અલગ રહેવું પડે છે. પ્રતિબંધોને કારણે તેઓ સમાજમાં છૂટથી હળીમળી શકતા નથી. આમ તેઓ ગુલામખોરીમાં ખદબદી રહયા છે. પોતાનો અભિપ્રાય આપી તેમણે સમિતિને કેટલાંક સૂચનો કર્યા. આ સૂચનોમાં સવર્ણ હિન્દુઓની શાળામાં અશ્યૃશ્યોને શિક્ષણ વધુ સરળતાથી મળી શકે તે માટે વ્યવસ્થા કરવા, અશ્પૃશ્યો વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો અને શિષ્યવૃત્તિઓમાં વધારો કરવા, મિલો, રેલ્વે અને કારખાનામાં ઔદ્યોગિક શિક્ષણ પ્રાપ્ત કરવા માટે અશ્પૃશ્ય વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની અને આ તમામ વ્યવસ્થા કરવા એક સ્વતંત્ર અધિકારીની નિમણૂક કરવાની જરૂરિયાત તરફ તેમણે ભાર મૂકયો હતો.

આ ઉપરાંત ગામડામાં સહકારી સંસ્થાઓમાં અશ્પૃશ્યોને યોગ્ય પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવા, નગરપાલિકામાં સફાઈ કામદારોને ‘શાહકારોનો કાયદો અને પ્રોવિડન્ટ ફંડ’ ચાલુ કરવા તેમજ રક્ષણ આપવા, પોલીસ અન લશ્કરી ખાતામાં દલિત વર્ગની ભરતી કરવા અને તે માટે તેમને શહેરમાં રહેવાની વ્યવસ્થા કરી આપવા, જંગલ તોડી પ્રપ્ત કરેલી જમીન અને ખેડાણ વગરની પડતર જમીનો દલિત વર્ગને આપવા તેમજ સરકાર બંધ યોજનાનો ઉપયોગ તેમણે સુધારવા માટે કરવાનાં પણ સૂચનોનો સમાવેહા થતો હતો.

ડૉ. આંબેડકરે મુંબઈ વિધાન પરિષદમાં પણ શિક્ષણ માટેના કેટલાકં પ્રશ્નોની અને જરૂરી માહિતી વિગતોની જે ધારદાર રજુઆત કરી તે પણ એક ખૂબ જ આવકારદાયક પગલું ગણાય છે. તેમણે શિક્ષણમંત્રીશ્રીની વિચારણા માટે કેટલાક મુદ્દાઓ રજૂ કર્યા જે આ મુજબ છે.

૧. આપણે આપણા બાળકોના શિક્ષણની બાબતમાં અત્યંત પ્રગતિ કરી રહયાં છીએ. ભારત સરકારે શિક્ષણની પ્રગતિ અંગ પ્રગટ કરેલા અહેવાલ મુજબ જો શિક્ષણ ગતિ કરશે તો શાળા વયના છોકરાઓ માટે ૪૦ વર્ષનો અને શાળા વયની છોકરીઓ માટે ૩૯૯ વર્ષનો સમય તેઓને શિક્ષણ લેતાં કરવામાં આવશે. તેમણે એના ઉપાય સ્વરૂપે એમ પણ શિક્ષણ વિભાગ અને આબકારી વિભાગ છે. જે સામસામી દિશામાં કામગીરી બજાવી રહયા છે. તેમણે દલીલ કરી કે, આપણે આબકારી સ્વરૂપે લોકો પાસેથી જે રકમ લઈએ છીએ કામસેકમ તેટલી જ રકમ આપણે શિક્ષણ અંગે ખર્ચાવી જોઈએ અને એ કંઈ પણ માંગ્યા જેવું નહી ગણાય.

૨. બીજી બાબત એ કે હાલમાં આપણે નાણાની જે રકમ પ્રાથમિક શિક્ષણ અંગે ખર્ચીએ છીએ તે રકમ મહદંશે ખરેખર બગાડ જ છે. પ્રાથમિક શિક્ષણનો ઉદ્દેશ એ જોવાનો છે કે પ્રાથમિક શાળાના પ્રવેશ ધારામાં પ્રવેશતા આ પ્રત્યેક બાળકોમાંથી કેવળ અઢાર બાળકો જ ચોથા ધોરણમાં પ્રવેશે તે જોવા માટે જયાં સુધી આપણે નાણાની પૂરતી રકમ નહી ખર્ચીએ ત્યાં સુધી આપણે તે બાળક અંગે જે કંઈ ખર્ચ કરી ચૂકયા છીએ તે કોઈ કરતાં કોઈપણ હેતુસરનું નહી ગણાય.

૩. શિક્ષણમંત્રીશ્રીનું ધ્યાન દોરતા તેમણે ત્રીજી બાબત એ જણાવી કે શિક્ષણ માટે આપણે જે રીતે નાણાકીય જોગવાઈ કરીએ છીએ તે મુજબ વિનયન કોલેજો, હાઈસ્કુલો અને મિડલ સ્કૂલો અંગે જે ખર્ચ કરીએ છીએ તેમાંથી કેટલાક ટકા જેટલી રકમ તો ફીમાંથી મેળવાય છે તો આ શિક્ષણનું વ્યાપારીકરણ થયું કહેવાય. શિક્ષણ તો એક એવી બાબત છે કે જેન પ્રત્યેક માનવીની પહોંચની અંદર લવાય એમ થવુ જોઈએ. શિક્ષણ વિભાગ એ એવા વિભાગ નથી જેને 'આટલુ આપો તો સામે આટલુ મળે' એવા ધોરણે લખવો જોઈએ. શકય તેટલી તમામ રીતે શિક્ષણને સસ્તુ બનાવવું જોઈએ અને તે પણ શકય તેટલી અધિકતમ મર્યાદા સુધી. આ દલીલ હું આગ્રહપૂર્વક એટલા માટે કરું છુ કે મને લાગે છે કે આપણે એક એવા તબકકે આવી રહયા છીએ કે જયારે સમાજના નીચલા સ્તરના વિદ્યાર્થીઓ હાઈસ્કુલોમાં, મિડલ સ્કૂલોમાં અને કોલેજોમાં પ્રવેશી રહયા છે. ત્યારે આ વિદ્યાર્થીઓ આ વિભાગની નીતિ એવી હોવી જોઈએ કે જેથી શકય બને તેટલા રીત ઉચ્ચ શિક્ષણ નીચલા વર્ગોને માટે સસ્તુ થઈ પડે અને આ એક ઉઠીને આંખે વળગે તેવી હકીકત છે.

૪. ચોથી બાબત એ છે કે જુદાં-જુદાં વર્ગોના શિક્ષણમાં થઈ રહેલી તુલનાત્મક પ્રગતિમાં રહેલી ભારે અસમાનતા અંગે છે. શિક્ષણની બાબતમાં જુદી-જુદી કોમોની પ્રગતિની તુલના કરવાના હેતુસર કુલ વસ્તીને જુદા-જુદા ચાર વર્ગોમાં વિભાજિત કરવામાં આવી છે. જેમા પહેલા વર્ગ 'પ્રગતિશીલ હિંદુ બીજો વર્ગ વચગાળાના હિન્દુઓ ત્રીજા વર્ગ પછાત વર્ગ અને ચોથો વર્ગ મુસ્લિમ વર્ગ. આ ચાર ધર્મોમાં વસ્તીના ધોરણે શિક્ષણની પ્રગતિમાં ઘણી અસમાનતા જોવા મળે છે. આ બધી

બાબતો પરથી તેમણે શિક્ષણમંત્રીનું ધ્યાન દોરતા કહયું ક મુસ્લિમો શિક્ષણની બાબતમાં સૌથી જબરજસ્ત રીતે આગળ નીકળી ગયા છે. અને તેઓની આ શૈક્ષણિક પ્રગતિ માટે સરકારે અસમાનતાનો સિધ્ધાંત લાગુ પાડીને એક સુંદર કાર્ય કર્યુ છે. પરંતુ સાથે-સાથે ફરિયાદ કરી જણાવે છે કે સરકારે હજી આ સિધ્ધાંત પછાત વર્ગોને લાગુ પાડવાનું વિચાર્યુ નથી. આર્થિક ધોરણે કે સામાજિક દ્રષ્ટિએ પછાત વર્ગો બીજી કોઈપણ કોમ અપંગ નથી થઈ એટલા પ્રમાણમાં અપંગ થઈ ગયા છે. શિક્ષણમંત્રીને આગ્રહભરી વિનંતી કરતાં જણાવે છે કે મુસ્લિમ કોમના ઉત્કર્ષ માટે અપનાવવામાં આવ્યો છે તે જ પ્રમાણેનાં પધ્ધતિઓને સિધ્ધાંત પછાત વર્ગોના ઉત્કર્ષ માટે પણ અપનાવવા જોઈએ. અને દલિતોના શિક્ષણની કાળજી રાખવા માટે ખાસ નિરીક્ષણ કર્મચારીની તાકીદની જરૂરિયાત છે.

આ ચાર બાબતો ઉપરાંત તેમણે શિક્ષણમંત્રીશ્રીને એ પણ ફરિયાદ કરતાં જણાવ્યું કે આ પરિષદે શિક્ષણને સ્થાનિક સંસ્થા ખાતે તબદીલ કરીને આમજનતામાં શિક્ષણના પ્રસારને લગભગ અચોકકસ મુદત સુધી મોકુફ રાખી દીધુ છે. એ પ્રમાણે તણે ગંભીર પ્રકારની ભૂલ કરી છે. અને આ અનિષ્ટથી લોકોને સૌથી વધુ સહન કરવું પડતું હોય તો તે દલિતો છે. હાલના શાસન હેઠળ દલિતો પોતાને સૌથી વધુ અસહાય દશામાં જુએ છે. તેઓ એવા લોકોથી ઘેરાયેલા છે જેઓ કોઈપણ રીતે પ્રગતિ અને સુખાકારી માટેની અપેક્ષાઓ કે તેમની ઈચ્છાઓમાં ભાગીદાર નથી. તેથી શિક્ષણની જરૂરિયાત વધુને વધુ મોટી થતી જાય છે. આ માટે સરકારે પોતાના પ્રત્યક્ષ નિયંત્રણ હેઠળ અમુક નિરીક્ષણ સંસ્થા નિયુકત કરવી જોઈએ. જે જોશે કે શિક્ષણ જેવા વિષય જેમના હવાલામાં સોંપવામાં આવ્યો છે તેવી સંસ્થાઓ દલિતોની ઉપેક્ષા ન કરે.

આ ઉપરાંત બજેટમાં અમુક રકમ પછાત કામો માટેની શિષ્યવૃતિઓ માટે અલગ મૂકવામાં આવી છે. પરંતુ 'પછાત વર્ગો' એ શબ્દ પ્રયોગનો અર્થ હું સમજી શકતો નથી. 'પછાત વર્ગો' એ શબ્દપ્રયોગમાં સમાવિષ્ટ કરવાનું તેઓ વિચારે છે તેવી જુદી-જુદી કોમોમાંથી દરેક કામને માટે તેઓ અલગ અને ભિન્ન એવી રકમની ફાળવણી કરે તેથી તેઓ વર્ષો વર્ષ કેવી પ્રગતિ કરે છે. તે જાણી શકાશે. હમણાં તો આપણે ભલે એમ કહયા કરીએ આપણૈ સૌ એક છીએ. એક સાથે જૂથમાં બંધાયા છીએ જયારે હકીકતમાં તો આપણા સૌને એક સાથે જૂથમાં બાંધવાનું કોઈ કારણ નથી કારણ કે આપણે એકબીજાથી ચોકકસપણ જુદા છીએ. સરકાર દ્વારા દલિતોના છોકરાઓને શિષ્યવૃતિઓ આપવાની જે રીતે છે તેમાં શિષ્યવૃતિ એઅક સહાય તરીકે, કશીય સહાય હોય જ નહિ એના કરતાં સારી છે. પરંતુ શિક્ષણમંત્રીશ્રીને તેઓ જણાવે છે કે મારી તપાસ અને અનુભવના આધારે મને જણાયું છે કે શિષ્યવૃતિઓ આપવાની રીતે ખરેખર જાહેર નાણાનો બગાડ જ છે. સરકાર દ્વારા અપાતી મદદ ખરેખરે તો બાળકના શિક્ષણ માટેની કુટુંબ સહાય તરીકે જુએ છે. ખરેખર છોકરાના શિક્ષણ માટે તે ઉપલબ્ધ કરાતી નથા અને શિષ્યવૃતિનો તો એજ મુખ્ય ઉદ્દેશ છે. અને શિષ્યવૃતિ આપવાથી મે જોયું છે કે છોકરો લક્ષ્ય સ્થળે કદી પહોંચી શકતો નથી. તેના માટેનાં જુદાંજુદા અનેક કારણો છે સૌ પ્રથમ તો દલિતનો છોકરો આસપાસના અનિષ્ટ વાતાવરણમાં ઉછરતો હોય છે અને તેવા સંજોગોમાં તેનો ઉછેર

થાય છે અને છોકરાને શિષ્યવૃતિ મળે છે ત્યારે તમામ પ્રકારની અનિષ્ટ અસરોનો તે સહેલાઈથી ભોગ બની જાય છે. અને પોતાનું શિક્ષણ ત્યજી દે છે અને તેની પાછળ ખર્ચેલા નાણા બરબાદ થાય છે. તેથી હું રજુઆત કરું છું કે પછાત વર્ગોના શિક્ષણના ઉત્તેજન માટે કાં તો સરકાર તેની પોતાની મેળે શરૂ કરે અથવા તો ખાનગી સંસ્થા શરૂ કરે તેવાં છાત્રાલયોને ઉત્તેજન આપવામાં અ નાણાં ખર્ચવાનું વધુ સાર નહી ગણાય ? અને એમ કરવાથી બેવડાં નાણા બચશે. સૌ પ્રથમ તો છાત્રાલયને લીધે છોકરો આસપાસની અનિષ્ટ પરિસ્થિતિમાંથી ઉગરી જાય છે. તેના કારણે અસરકારક નિરીક્ષણ શકય બને છે અને છાત્રાલયના વહીવટ ખાનગી સંસ્થા દ્વારા કરાતો હોય ત્યારે તેનો અર્થ સરકારનાં નાણાંના કંઈક અંશે બચત એવો થશે.

આમ દલિતો, શ્રમજીવીઓના ઉત્થાન માટે અને તેમનામાં શિક્ષણનો પ્રચાર વધે, શિક્ષણનાં માધ્યમ દ્વારા તેઓ ખૂબ ઊંચા ઉઠે, સમાજમાં સન્માનનીય સ્થાન ભોગવે તે માટે તેઓ જીવનભર ઝઝૂમતા રહયા. મને એમના એ કાર્યોના ફળસ્વપે જે આજે આપણે સમાજમાં પછાતવર્ગના લોકોને પણ્ ડોકટર્સ, એન્જિનીયર્સ, આઈ.એ.એસ. ઓફિસર્સ, સાયન્ટીસ્ટ્સ, રાજકીય મત્રી વગેરે જેવા ઉચા હોદા્ પર બિરાજેલા જોઈ શકીએ છીએ. સમાજની તેમના તરફની દ્રષ્ટિ પણ આમૂલ પરિવર્તન જોઈ શકાય છે.

છેલ્લે આપણે પણ એમણે જણાવેલા ધ્યેય મુજબ ‘પહેલા ભારતીય અને અંતે પણ ભારતીય, ભારતીય સિવાય કશું જ નહિ… …’ દરેક વ્યકિતને એકસમાન ગણી માન સન્માન આપવા જોઈએ. એજ એમના પ્રત્યેની આપણી સાચી શ્રધ્ધાંજલી બની રહેશે. અસ્તુ.